## –:: ટેન્ડર નોટીસ ::–

સંશોધન વૈજ્ઞાનિક, પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂચાર રસ્તા, નવસારી (ફોન : ૦૨૬૩૭–૨૮૨૪૬૫) ખાતે પશુઓને ખવડાવવા માટે સુકા ફુલઘાસની ગાંસડી અંદાજીત ૮૦ ટન અને ભગરબ્રાન અંદાજે ૫૦ ટન ખરીદવાની જરૂરીયાત હોય, રસ ધરાવતી પાર્ટીઓએ અત્રેની કચેરી ખાતેથી ચાલુ દિવસોમાં કચેરી સમય દરમ્યાન તા. ૧૯/૦૧/૧૫ સુધીમાં રૂા. ૫૦૦/– રોકડા જમા કરાવી અથવા **www.nau.in** પરથી ડાઉનલોડ કરી કોરૂં ટેન્ડર ફોર્મ મેળવી તેમાં દર્શાવેલ સ્પેશીફિકેશન/નિયમો/શરતો મુજબ આપના ભાવો ટેન્ડર ફોર્મમાં ભરી ઉપરોકત સરનામે બંધ કવરમાં તા. ૨૧/૦૧/૧૫ સુધીમાં પોસ્ટ/કુરીયરથી પહોંચતા કરવા વિનંતી છે.

**જાહેરાત આપ્યા તા. :** ૧૦/૦૧/૨૦૧૫ **વર્તમાનપત્ર :** ગુજરાત સમાચાર (સુરત આવૃત્તિ)

# પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## :: સુકા ફુલઘાસની ગાંસડીઓ અને ભગરબ્રાન પુરા પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ક્રમ :** ....................

| અ. નં. | ચીજવસ્તુનુ નામ | ખરીદીનો અંદાજીત જથ્થો | ખરીદીની અંદાજીત રકમ (રૂા.) | અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ (રૂા.) | ટેન્ડર ફી (રૂા.) | રસીદ/ડી.ડી. નંબર/તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પશુઓને ખવડાવવા માટે સુકા ફુલઘાસની ગાંસડીઓ | ૮૦ ટન | ૫.૦૦ લાખ | ૧૫,૦૦૦/– | ૫૦૦/– | |
| ૨ | પશુઓને ખવડાવવા માટે ભગરબ્રાન | ૫૦ ટન | ૫.૦૦ લાખ | ૧૫,૦૦૦/– | | |

**નોંધ :** ટેન્ડર ફોર્મ આપ ન.કૃ.યુ.ની વેબસાઈટ **www.nau.in** પરથી ડાઉનલોડ કરી શકશો પરંતુ ડાઉનલોડ કરેલ ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફી ની રકમનો " NAU FUND ACCOUNT " ના નામનો રૂા. ૫૦૦/– નો એક અલગ ડી.ડી. ડીપોઝીટની રકમના ડી.ડી. ઉપરાંત જોડવાનો રહેશે.

**સુકા ઘાસચારા માટે નિયમો અને શરતો :–**

૧) આપનો ભાવ **તા. ૩૦/૦૬/૨૦૧૫** સુધી માન્ય રહે તે મુજબ આ ટેન્ડર ફોર્મમાં ભરવાનો રહેશે.

૨) આપનો ભાવ આ સાથેના નિયત ટેન્ડર ફોર્મમાં ભરી તેમાં માંગ્યા પ્રમાણે સહિ સિકકા કરી તેને બંધ કવરમાં મુકી તેની પર " **સુકા ફુલઘાસની ગાંસડી અને ભગરબ્રાનના ભાવ** " એમ લખાણ કરી તેની સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમનો " NAU FUND ACCOUNT " ના નામનો ડીમાન્ડ ડ્રાફટ જોડી **તા. ૨૧/૦૧/૧૫** પહેલા નીચે મુજબના સરનામે મળે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે.

**પ્રતિ,**
**સંશોધન વૈજ્ઞાનિકશ્રી,**
**પશુ સંશોધન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી–૩૯૬ ૪૫૦**

૩) આપ જે ગ્રેડ/જથ્થા/લોટમાંથી ફુલઘાસ ગાંસડી અને ભગરબ્રાન પુરા પાડવા માંગતા હોય તેમાંથી ઓછામાં ઓછા ૫.૦૦ કિ.ગ્રા.ના સેમ્પલો ટેન્ડર ખોલવાના દિવસ પહેલા આ કેન્દ્ર ખાતે ફરજીયાત આપવાના રહેશે. ખાસ નોંધ લેશો કે સેમ્પલ વગરનુ ટેન્ડર રદ કરવામાં આવશે.

૪) આવનાર ટેન્ડર તા. **૨૨/૧/૨૦૧૫** ના રોજ **૧૪:૩૦** કલાકે આ માટે નિયત સમિતિ દ્વારા ખોલવામાં આવશે જે દરમ્યાન કોઈપણ પાર્ટી હાજર રહી શકે છે. જો સમિતિને જરૂર જણાશે તો પાર્ટીને રૂબરૂ વાટાઘાટો માટે બોલાવી શકશે.

૫) ભાવ મંજુર થયા બાદ મોકલતી વખતે તેની ગુણવત્તા બાબતે નીચેના શરતોનું પાલન કરવાનુ રહેશે.

**અ) ફુલઘાસ ગાંસડીઓ**

૫.૧) આપ દ્વારા મોકલવામાં આવતો માલ આપે ટેન્ડર ખોલવાના દિવસે આપેલ સેમ્પલ મુજબનો હોવો જોઈએ.

૫.૨) ફુલઘાસની ગાંસડીમાં ૧૦ % કરતા વધુ ભેજના ટકા ન હોવા જોઈએ. તેના છોડ વાઢેલા એટલે કે મૂળ રહીત હોવા જોઈએ. પરંતુ જો મૂળ સાથેનો માલ આપવામાં આવશે તેવા કિસ્સામાં તેના વજનમાં તેટલી ઘટ ગણી તેટલી રકમ પેમેન્ટમાંથી બાદ કરવામાં આવશે. આ બાબતે કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૫.૩) તે પાતળી દાંડીવાળુ, માટી રહીત, ફુગરહિત, પશુના સ્વાસ્થ્યને નુકશાન કરતા ઝેરી ઘાસ રહીત, તેમજ ફુલઘાસ ગાંસડી સિવાય અન્ય પ્રકારના ઘાસ રહીત હોવુ જોઈએ.

૫.૪) તે પલળેલું, સડેલુ, બગડેલુ કે બટાયેલુ ન હોવુ જોઈએ. તેમજ તેમાં ડાળી અને પાંદડી પ્રમાણસરના હોવા જોઈએ.

**બ) ભગરબ્રાન**

૫.૧) આપના તરફથી પુરો પાડવામાં આવનાર માલ આપવા સેમ્પલ મુજબનો હોવો જોઈએ.

૫.૨) તે પલળેલુ, સડેલુ, બટાયેલુ, જીવાતવાળુ કે કોઈપણ રીતે હલકી ગુણવત્તાવાળુ ન હોવુ જોઈએ અન્યથા તેવો માલ સ્વીકારવામાં આવશે નહિ.

૫.૩) ભગરબ્રાન ૫૦–૬૦ કિલોવાળા કંતાન અથવા પ્લાસ્ટીક બેગોમાં ભરતી કરીને આપવાનું રહેશે.

૫.૪) તેમાં ૧૦ % કરતા વધુ ભેજ ન હોવો જોઈએ તેમજ તેમાં લઘુત્તમ ૮.૮ % ક્રુડ પ્રોટીન હોવુ જોઈએ. આપના તરફથી મોકલવામાં આવતા માલમાં જરૂર જણાયે નમુનો લઈ તેનું પૃથ્થકરણ કરાવવામાં આવશે. જો તે દરમ્યાન આપનો માલ તેનાં બંધારણની દ્રષ્ટિએ હલકો જણાશે તો તેને આપના ખર્ચે પરત લઈ જવાનો રહેશે.
ઉપરોકત શરત મુજબનો માલ પુરો પાડેલ ન હોય તેવા કિસ્સામાં કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૬) આપે માલ ફકત કચેરી ચાલુ હોય તેવા દિવસો અને કચેરીના કામકાજ દરમ્યાન જ (જાહેર રજા, બીજો–ચોથો શનિવારના દિવસોમાં કચેરી બંધ હોય અને કચેરીના કામકાજના કલાક સવારે ૮:૦૦ થી સાંજે ૫:૧૦) મોકલવાનો રહેશે અને માલનો વજન આપની કક્ષાએથી સરકાર માન્ય વે બ્રીજ પર કરાવી લેવાનો રહેશે. જરૂર જણાયે વજનની ખાતરી યુનિવર્સિટી ફાર્મ ખાતેના વે બ્રીજ પર અત્રેના કેન્દ્રના સ્ટોર કર્મચારી/અધિકારી દ્વારા આપના પ્રતિનિધિ/ડ્રાયવરની હાજરીમાં કરવામાં આવશે. આવા કેસમાં કાંટા ચીઠ્ઠી પરનો વજન અને યુનિવર્સિટીના વે બ્રીજ પર કરવામાં આવેલ વજન પૈકી જે વજન ઓછો હશે તે માન્ય રહેશે.

૭) આપના ભાવપત્રક સાથે આપના PIN/TIN/CST/GST નંબરો દર્શાવવાના રહેશે અને <u>PAN કાર્ડની ઝેરોક્ષ</u> ટેન્ડર સાથે જોડાવાની રહેશે.

૮) આપનો ભાવ મંજુર થયેથી આપને ખરીદ ઓર્ડરની તારીખથી દિન–૧૦ માં માલ પૂરો પાડવાની શરૂઆત કરવાની રહેશે અને ઓર્ડર મુજબનો સઘળો માલ બે માસની અંદર પુરો પાડવાનો રહેશે તેમજ ત્યારબાદ આપનું ઉધારબીલ અત્રે રજુ કર્યા બાદ પેમેન્ટની કાર્યવાહી કરવામાં આવશે. **નિયત સમયગાળામાં જો આપ પુરો માલ પુરો પાડવામાં નિષ્ફળ જશો તો આપની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને બાકીના માલનો ઓર્ડર પછીના નીચા ભાવવાળી પાર્ટીને આપવામાં આવશે જે જાણશો.**

૯) ટી.ડી.એસ. કપાત જે તે સમયના નિયમોને આધિન રહી કરવામાં આવશે.

૧૦) જે પાર્ટીના ભાવો મંજુર રહેશે તેની ડિપોઝીટની રકમ ખરીદ કાર્યવાહી પૂર્ણ થયા બાદ નાણાકીય વર્ષના અંતમાં પાર્ટીની માંગણી મુજબ પરત કરવામાં આવશે. જયારે અન્ય ન્યુનતમ ભાવવાળી પાર્ટીઓની ડિપોઝીટ આશરે એક માસ બાદ પરત કરવામાં આવશે. જયારે ટેન્ડર ફી પરત મળવાપાત્ર નથી.

૧૧) અત્રેની કચેરી ખાતે આપના ભાવ મળશે તે વખતે આપે સઘળી શરતો વાંચી છે અને તે તમામ આપને સ્વીકાર્ય છે તેવું માનવામાં આવશે જેથી આપે ભાવ ભરતા પહેલા આ સઘળી શરતો વાંચીને જ ભાવો ભરવાના રહેશે. આપનું ભાવપત્રક સ્વીકારવું, અથવા ભાવપત્રકના અમુક જ ભાવો સ્વીકારવા કે સંજોગોવસાત આખુ ભાવપત્રક રદ કરવાના અધિકાર કમિટીનો રહેશે તેમજ કાનુની બાબતોમાં નવસારી કાનુની સત્તા મંડળ રહેશે.

**પાર્ટીની સહી અને સિકકા**

## પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

### :: સુકો ઘાસચારો અને ભગરબ્રાન પુરા પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ટેન્ડર ક્રમ : ....................**

**ટેન્ડર ફી ડી.ડી./રસીદ નં. તારીખ અને વિગત :**

**અર્નેસ્ટ મની ડિપોઝીટની વિગત :**

**બેંકનું નામ :**

**ડી.ડી. નંબર અને વિગત :**

| અ. નં. | ચીજવસ્તુનુ નામ અને સ્પેશીફીકેશન | ખરીદીનો અંદાજીત જથ્થો | ભરેલા ભાવ પ્રતિ ટન (રૂા.) નિયમો અને શરતો મુજબ અત્રેના કેન્દ્ર ખાતે **FOR અને સઘળા ટેક્ષ સાથે** |
|---|---|---|---|
| ૧ | પશુઓને ખવડાવવા માટે સુકા ફુલઘાસની ગાંસડીઓ | ૮૦ ટન | (અંકે રૂપિયા .................................. ............................ પુરા) |
| ૨ | પશુઓને ખવડાવવા માટે ભગરબ્રાન | ૫૦ ટન | (અંકે રૂપિયા .................................. ............................ પુરા) |

સદર ટેન્ડર આ સાથે સામેલ શરતો મને કબૂલ મંજુર છે.

તા. : /૧૨/૨૦૧૪

**પાર્ટીના સહી/સિકકા :**

**માલીકનુ નામ અને સરનામુ :**

**કોન્ટેકટ નંબર :**

**PIN/TIN/CST/GST નંબરોની વિગત :**

PAN CARD NO. : **(નકલ સામેલ રાખવી)**